

કુદરત ક્યારે કેવા ચમત્કાર કરે છે તે અકળ મનનો માનવી ક્યારેય જાણી શક્યો નથી અને જાણી પણ નહી શકે. બોરીજ ગામમાં મહંત ગંગારામ જેઠીદાસ સાધુ અને દર્શનભાઈ ગંગારામ સાધુ દ્વારા પ્રસ્થાપિત હનુમાન મંદિર પરિસરમાં કેરીનો એક ગોટલો વાવેલો જેમાં પાંચ ફણગા ફુટ્યા છે. આને શ્રદ્ધાળુઓ ચમત્કાર કહી શકે, જ્યારે વિજ્ઞાન બીજુ કંઈ પણ કહી શકે. વાત ગમે તે હોય આ પંચમુખી આંબો જોવા લોકો અવશ્યપણે મુલાકાત લઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નીમાવત)

# સેક્ટર-૧ તળાવ પાસે બાઈક રેસર્સ નબીરાઓનો આતંક

## યુવતીઓને ઈમ્પ્રેસ કરવા દરરોજ સ્પોર્ટસ બાઈક અને બુલેટ પર રેસ અને સ્ટંટબાજી થાય છે : સાંજે એક વૃધ્ધ દંપતિને સ્ટંટ બાજે અડફેટે લીધુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ તળાવ સામે ખુલ્લા માર્ગ પર દરરોજ નબીરાઓ દ્વારા સ્પોર્ટસ મોંઘા બાઈક અને બુલેટથી રેસ તથા સ્ટંટ થાય છે. આ આતંકથી સહેલાણીઓ રીતસરના ત્રાસીને તોબા પોકારી ઉઠ્યા છે. ગઈકાલે સાંજે ચાલવા નીકળેલા વૃદ્ધ દંપતીને એક રેસર બુલેટ ચાલકે અડફેટે લઈ લીધા હતા જો કે સદ્‌ભાગ્યે હાથે અડફેટ વાગતા જાનહાની થવા પામી ન હતી. આ નબીરા તત્વોને સ્ટંટબાજી બંધ કરાવવા પોલીસ કમર કસે તેવી સહેલાણીઓની લાગણી છે. તો બીજી તરફ આ નબીરાઓને કાયદાનો કે પોલીસનો ડર જ ન હોય તેમ શહેરના મુખ્ય માર્ગોને પણ રેસીંગ ઝોન બનાવી બેઠા છે.

પોલીસ કદાચ પકડે તો 'હું કોણ છુ, મને ઓળખે છે...?' કહીને ઉભા રહી જાય તેવા નબીરાઓ ગાંધીનગર શહેરના પહોળા અને ખુલ્લા માર્ગો પર સ્ટંટબાજી કરીને માર્ગોને બાનમાં લઈ રહ્યા છે. તેમ છતાં વગદાર નબીરાઓને પોલીસ જાણે કંઈ કહી ન શકતી હોય તેમ લાગી રહ્યું છે. દરરોજ ચ-૨ થી જ-૨ જતા માર્ગ પર મોંઘાદાટ સ્પોર્ટસ બાઈક અને એન્ફીલ્ડ બુલેટ જેવા બાઈકો પર રેસીંગ અને સ્ટંટબાજી કરી તળાવ પાસે ફરવા નીકળતી યુવતીઓને ઈમ્પ્રેશ કરવાના પ્રયત્નો થાય છે. આ સ્ટંટબાજોથી સહેલાણીઓ ત્રાસી ગયા છે. ગઈકાલે તો એક વૃદ્ધ દંપતીને આ નબીરાઓએ અડફેટે લઈ લેતા જીવલેણ અકસ્માત થતા રહી ગયો હતો. હાથે ટક્કર વાગી જતાં વૃદ્ધ દંપતિ બચી ગયા હતા. આ તત્વોને કાબુમાં લેવા પોલીસ હકકતમાં આવે તેવી સહેલાણીઓની માંગ છે.

# એસ.ટી. વોલ્વો બસની ડેકીમાંથી મહિલા મુસાફરની ટ્રોલીબેગની ચોરી

## વડોદરાથી ગાંધીનગર ડેપો આવતા રસ્તામાં રૂ. ૮ હજારની કિંમતના કપડા ભરેલી ટ્રોલી ગાયબ થઈ જતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૩૦

વડોદરાથી ગાંધીનગર આવતી એસ.ટી. નિગમની વોલ્વો બસમાં વડોદરાની મહિલા મુસાફર ગાંધીનગર આવવા બેઠી હતી. તેણીએ કપડા ભરેલી ટ્રોલી બેગ વોલ્વો બસની લગેજ ડેકીમાં મુકી હતી. ગાંધીનગર આવતા રસ્તામાં તેણીની ટ્રોલી બેગ જ ગાયબ થઈ ગઈ હતી. મહિલાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે રૂ. ૮ હજારની કિંમતની મત્તા ભરેલી ટ્રોલીબેગ ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વડોદરાની વિશ્વકુંજ સોસાયટીમાં રહેતી મહિલા ડૉ. જીગ્નાબેન ભાવેશભાઈ દલવાડી આજે સવારે ૯ વાગે વડોદરા ડેપોથી વોલ્વો બસમાં ગાંધીનગર આવવા નીકળી હતી. ડૉ. જીગ્નાબેને તેણીના તથા તેમની બહેનની દિકરીઓના કપડા ભરેલી ટ્રોલી બેગ વોલ્વોની લગેજ ડેકીમાં મુકી હતી. વડોદરાથી ગાંધીનગર ડેપો પહોંચીને બસની ડેકી ખોલીને જોઈ તો ટ્રોલી બેગ જ ગાયબ હતી. વડોદરાથી ગાંધીનગર આવતા રસ્તામાં કોઈ શખ્સ વોલ્વોની ડેકી ખોલીને ટ્રોલીની ચોરી કરી લીધાની ઘટના બનવા પામી હતી. ડૉ. જીગ્નાબેનની ફરીયાદને આધારે રૂ. ૮ હજારની કિંમતનો માલસામાન ભરેલી ટ્રોલીની ચોરી અંગે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધીને પી.એસ.આઈ. વી.એલ. બોડાણાએ વધુ તપાસ આરંભી છે.

# મોબાઈલ કંપનીના ટાવરનાં પાર્ટસ ચોરોના નિશાન પર...!

## અડાલજમાં બે કંપનીઓના ટાવરમાંથી બેટરી તથા નેટવર્ક બોકસની ચોરીઓ : પોલીસે એફએસએલ બોલાવી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તથા આસપાસના વિસ્તારોમાં મોબાઈલ કંપનીના ઉભા કરેલા ટાવરો હવે તસ્કરોના નિશાન પર આવ્યા છે. અડાલજમાં એક અઠવાડીયામાં બે થી ત્રણ વાર અલગ અલગ કંપનીની ટાવરોના સ્પેર પાર્ટસની ચોરીના બનાવો ધ્યાને આવ્યા છે. અડાલજ પોલીસ સ્ટેશનમાં ટાવરમાંથી બેટરી ચોરી અને નેટવર્ક ડેટા બોકસ સહિતનાં સામાનોની ચોરી અંગે ફરિયાદ નોંધાવા પામી છે.

અડાલજના તારાપુર બસ સ્ટેન્ડ પાસેના એરટેલ અને યુનિનોર કંપનીના બબ્બે ટાવરો ઉભા કરેલા છે. આ ટાવરોમાંથી થોડા દિવસો અગાઉ બેટરીઓની ચોરી થવા પામી હતી તેના ચાર દિવસ બાદ રૂ. ૨૫ હજારની કિંમતના નેટવર્કબોકસ એવા બે બોકસની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયાની ઘટના બનવા પામી છે. આ બોકસ અને બેટરી નીકળી જતાં સમગ્ર રેન્જમાં મોબાઈલમાંથી નેટવર્ક જતું રહેવાની ફરિયાદો ઉઠતા ચોરી અંગે જાણ થઈ હતી. અડાલજ પોલીસે આ બંને ચોરીઓ અંગે ગુનો નોંધીને પીએસઆઈ રાઠોડે વધુ તપાસ આરંભી છે.

## શ્રી જય અંબે પરિવાર આયોજીત રજત જ્યંતિ મહોત્સવમાં

# ભીખુદાન ગઢવીના ડાયરામાં માનવ મહેરામણ ઉમટ્યો



ગાંધીનગર, તા. ૩૦

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા રજત જયંતી મહોત્સવના પાંચમા દિવસે અને સહસ્ત્રચંડી મહાયાગના ત્રીજા દિવસે ચાર વેદોના મંત્રઘોષ સાથે પ્રાતઃ પૂજન, ચંડીપાઠ આવર્તન, નવ કુંવારીકા પૂજન, પ્રધાનહોમ, સહસ્ત્રાર્ચન, નવાર્ણમંત્રની આહુતી, રાજોપચાર પૂજા, સાયં પૂજા અને સાયં મહા આરતી કરવામાં આવી. વહેલી સવારે શ્રી જય અંબે પરિવારની મહિલા શક્તિ પાંખની બહેનો દ્વારા માતાજીને છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવા અત્યંત પવિત્રતા પૂર્વક વાનગીઓ બનાવીને શુભારંભ કરવામાં આવ્યો. માતાજીના નવાર્ણ મંત્રી ૐ ઐ હ્રી કલી ચામુંડાયૈ વિચ્ચે ના લેખન તથા મંત્રજાપ માટે અલાયદો કક્ષ બનાવવામાં આવ્યો છે. એક બાજુ બહેનો દ્વારા નિત્ય આનંદના ગરબાના ત્રણ પાઠ કરવામાં આવે છે. આ ભક્તિ રસનો લાભ લેવા સર્વેનો નિમંત્રણ છે.

સાંજે, જેમના વક્તાપણા હેઠળ ૧૪ વર્ષ પહેલાં સે.-૬ ના પ્રાંગણમાં શ્રી જય અંબે પરિવાર દ્વારા નવ દિવસીય શ્રીમદ દેવી ભાગવત કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું એવા નડીયાદના માંઈ મંદિરના પ્રાતઃ વંદનીય પ.પૂ. કેશવ ભવાની મહારાજની અમૃતવાણીનો લાભ મળ્યો. તેમના પ્રેરક પ્રવચનમાં જણાવ્યું કે આ યજ્ઞ એ માત્ર લાકડાનો અગ્નિ નથી, પણ શરીરની અંદર રોમેરોમમાં પ્રજવલિત થતો આસ્થાના પર્યાય સમો અગ્નિ છે, જેના થકી દુર્ગુણો દૂર થાય છે અને સદ્‌ગુણો પ્રાપ્ત કરી શરીરની શુધ્ધી થાય છે. અગ્નિ વગર આ પૃથ્વી પર કંઈજ શક્ય નથી. પૃથ્વી એકમાંથી અનેક પેદા કરીને આપે છે, પરંતુ તેમાં પણ મૂળ સૂર્યનારાયણના અગ્નિની જ કૃપા છે. 'યજ્ઞો વૈ વિષ્ણું:' અર્થાત યજ્ઞ એ નારાયણનું સ્વરૂપ છે. ગુજરાતમાં ઘણા સમયે આવો સહસ્ત્રચંડી મહાયાગ થઈ રહ્યો છે. કળિયુગમાં જ્યાં તપ શક્તિ વધારે હોય તેવી પવિત્ર ભૂમિ પર જ આવા યજ્ઞો થતા હોય છે. બ્રાહ્મણોના મુખે વૈદિક મંત્રોચાર કરી નારાયણ પ્રગટ થાય છે, યજ્ઞની પાંચ પ્રદક્ષીણા કરશો તો પણ આ મનુષ્ય અવતાર ધન્ય થઈ જશે. જીવનની કોઈપણ સ્થિતિમાં શ્રદ્ધાને તુટવા ન દેશો, કોઈપણ પરિસ્થિતિમાં યાચક બની ઈશ્વર સિવાય અન્ય કોઈની પાસે જશો નહિ, ચોર ચોરી કરીને ભાગ પાડે છે ત્યારે પણ કહે છે નીતિથી ભાગ પાડશો.

રાત્રી કાર્યક્રમમાં અંતઃકરણ હલબલાવી દે અને સમયનું પણ ભાન ભુલાવી દે એવા સરસ્વતી સાધક ભીખુદાન ગઢવી જૂનાગઢવાળાનો લોક ડાયરો યોજાયો. શરૂઆતમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગોવાના પ્રભારી મંત્રીશ્રી પુરૂષોત્તમ

● અનુસંધાન પાના - ૭ પર

# રોડ નેટવર્કની દૃષ્ટિએ શહેરનું પ્લાનીંગ અદ્‌ભૂત : એમ.ડી. પટેલ

ગાંધીનગર, તા. ૩૦

રોડનેટવર્કની દૃષ્ટિએ શહેરનુ પ્લાનીંગ અદ્‌ભૂત છે. પરંતુ દાયકાઓથી ભૂગર્ભ રસ્તાઓ બંધ છે. જ્યારે સ્ટોર્મ વૉટર લાઈન પણ અસરકારક ન હોવાથી રોડનેટવર્કની જાળવણી માટે વિશેષ દરકાર લેવી પડે છે તેમ આજે નિવૃત્ત થતા પાટનગર યોજના વિભાગના ડેપ્યુટી એન્જિનિયર એમ.ડી. પટેલે જણાવ્યું હતું. શહેરના રોડનેટવર્કને ચકાચક બનાવવામાં પણ તેમણે ઉમદા ફરજ નિભાવી છે.

શહેરના ૫૧૪ કીલોમીટરના રોડનેટવર્કની જાળવણી તેમજ નવીનીકરણ સહીતના કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગના ડીવીઝન-૨૬ના ડેપ્યુટી એન્જિનિયર મુકેશ ડી. પટેલ આજે વયનિવૃત્ત થતા તેમને વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ વિદાય આપી હતી. આ તબક્કે અધિકારીગણે તેમની કામગીરી અને ફરજનિષ્ઠાને બિરદાવી હતી.



વર્ષ-૨૧૯૭૮ થી ઈરીગેશન વિભાગમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે તેઓ નોકરીમાં જોડાયા હતા. ત્યાર બાદ વર્ષ ૧૯૭૯ માં માર્ગ મકાન વિભાગમાં તેમની બદલી થઈ હતી. બ્રાન્ચ ઓફિસ અને ઈન્કવાયરી સહીતની જગ્યાએ કાર્યભાર સંભાળવા ઉપરાંત તેમણે નેશનલ હાઈવે, મંત્રી કાર્યાલય, ક્વોલીટી કન્ટ્રોલ તેમજ સીટી રોડ સહીતની કામગીરી તેમણે ઉમદા રીતે નિભાવી છે. છેલ્લા પાંચ વર્ષથી એમ.ડી. પટેલ ગાંધીનગર શહેરના રસ્તા, ફૂટપાથ અને સર્કલોની જાળવણી તેમજ નવીનીકરણ સહીતની જવાબદારી પણ સંભાળતા હતા. પાટનગર યોજના વિભાગના સબ ડીવીઝન-૨૬ ના ડેપ્યુટી એન્જિનિયર તરીકે આજે તેઓ વય નિવૃત્ત થતા માર્ગ-મકાન વિભાગના અધિકારીઓએ તેમને શુભેચ્છા પાઠવી તેમની કામગીરીને બિરદાવી હતી. આ તબક્કે તેમણે રોડનેટવર્કની વાત કરતા જણાવ્યું હતું કે શહેર પ્લાનીંગની દૃષ્ટિએ મહત્વની છે, પરંતુ દાયકાઓ પૂર્વે અષ્ટિત્વ ધરાવતા ભુગર્ભ રસ્તાઓને પણ ખુલ્લા કરવા હવે અનિવાર્ય છે. જ્યારે સ્ટોર્મ વોટર લાઈન અસરકારક ન હોવાનું પણ ખૂંચે છે. શહેરમાં રોડનેટવર્કની દૃષ્ટિએ પ્લાનીંગ ઘણુ સારૂ છે.

# ફાર્મસી કાઉન્સિલની ચૂંટણીને અગીયાર મહિના થવા છતા સરકાર મગનુ નામ મરી પાડતી નથી

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય સરકાર દ્વારા ગત ડિસેમ્બર-૧૩ માં ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણીનું પરિણામ આવ્યે અગિયાર મહિના થવા છતાં સરકારની મંથરગતીના કારણે આજદિન સુધી ફાર્મસી કાઉન્સિલની રચના થઈ શકી નથી. જેના કારણે ફાર્માસીસ્ટોને અનેક સમસ્યાઓનું નિરાકરણ આવતુ નથી.

ગુજરાત ફાર્મસી કાઉન્સિલના ચૂંટાયેલ સભ્ય મોન્ટુ પટેલ જણાવે છે કે ફાર્મસી કાઉન્સિલમાં કુલ-૧૭ સભ્યો હોય છે. જેમાં કાઉન્સિલના નિયમ મુજબ ૬ સભ્યોની ચૂંટણી યોજવામાં આવે છે. રાજ્ય સરકાર હોદ્દાની રૂએ ૬ સભ્યોની નિમણુંક કરે છે અને ૫ સભ્યો બિન સરકારી હોય છે.

ત્યારે ગત ડિસેમ્બર-૧૩ માં યોજાયેલી ચૂંટણીનું પરિણામ આવી ગયા બાદ પણ સરકાર કેમ બિન સરહકારી સભ્યોની નિમણુંક કરતી નથી ? તેમ મોન્ટુ પટેલે જણાવ્યું છે. વધુમાં જણાવ્યું છે કે કાઉન્સિલની રચના ન થઈ શકવાના કારણે અનેક પ્રશ્નોને વાચા આપી શકાતી નથી. ફાર્માસિસ્ટોને ખુબજ હાલાકી ભોગવવી પડે છે. ત્યારે સરકાર આળસ ખંખેરી અન્ય પાંચ સભ્યોની નિમણુંક ઝડપથી કરે તેમ જણાવ્યું છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દિવાળી વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ અંતર્ગત સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

નિસર્ગ સાયન્સ સેન્ટર વિદ્યાર્થીઓની રસ અને રૂચિને ધ્યાનમાં લઈને અનેક વિધ વૈજ્ઞાનિક કાર્યક્રમનું આયોજન કરે છે. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે બાહ્ય જગતના વિકસી રહેલા વિજ્ઞાનને સમજે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજા ટીવી, વિડીયો ગેમ, ફિલ્મો વગેરે જેવી બિન ઉપયોગી પ્રવૃત્તિઓમાં ન વેડફે તે હેતુથી તા. ૨-૧૧-૨૦૧૪ થી ૪-૧૧-૨૦૧૪ દરમિયાન વિદ્યાર્થીઓને પ્રિય એવા સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોડલ રોકેટરી વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, ટેનગ્રામ વર્કશોપ, મોડેલ વર્કશોપ, મેચસ્ટીક મોડેલ વર્કશોપ, સાયન્સ મેઝીક વર્કશોપ, સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ છે.

વર્કશોપ તા. ૨-૧૧-૨૦૧૪ થી૪-૧૧-૨૦૧૪ સુધી સવારે ૯ થી ૧૨ કલાક સુધી નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સેટર-૨૩ લગ્નવાડી પાસે યોજાશે. આ વર્કશોપમાં ૧૦ થી ૧૬ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ વર્કશોપમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી તા. ૧-૧૧-૨૦૧૪ સુધીમાં નામ નોંધાવવા વિનંતી. વર્કશોપ અંગે વધુ માહિતી માટે હાર્દિક મકવાણા મો.નં. ૯૪૨૬૪૫૧૧૦૨, શિવાંગ પટેલ મો.નં. ૯૦૯૯૩૮૨૯૩૬ અથવા ઓફીસ નં. ૦૭૯-૨૩૨૩૫૨૧૫ પર સંપર્ક કરવા વિનંતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૦૨

## તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૭૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોઅર : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોઅર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫
રોઅર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
રોઅર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
સ્ક્રીન-૩ :
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોઅર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
સ્ક્રીન-૪ :
રોઅર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોઅર : ૧.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
રોઅર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. વ્યપારીકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ભીખુસિંહ સતુજી વાઘેલા (ઉ.વ.૪૯) ગામ - લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ મુળજીભાઈ રાઠોડ (ઉ.વ.૫૯) પ્લોટ નં. ૮૫૯/૨, સેકટર-૭સી, ગાંધીનગર